# મિત્રસ્ય યાયાંમયા (મિત્રનાં માર્ગે જ છું)

વજન: ગાગાલગા  ગાગાલગા ગાલગા લગા

પંચમ શુક્લ

પ્ર: કો’ને સખા! એ ક્યાં ગયાં?
ક્યાં જતાં રહ્યાં?
ઊ: જો આ રહ્યાં, આ પાંગર્યાં!
ક્યાં જતાં રહ્યાં!

પ્ર: શું ગૂંચ ઊકલતી નથી આ સવાલની?
ઊ: ના ઉત્તરો તરતજ જડ્યાં!
ક્યાં જતાં રહ્યાં!

પ્ર: જે બોલ એ બોલે હવે સાંભળી શકો?
ઊ: લે, કાન આ કૈં ગણગણ્યાં!
ક્યાં જતાં રહ્યાં!

પ્ર: શું મેઘની તૃષા અહીં તૃપ્ત થઇ ગઈ?
ઊ: ભરપૂર જો સરવર ભર્યાં!
ક્યાં જતાં રહ્યાં!

પ્ર: શાને હવે એકાંત આ બોલકું બન્યું?
ઊ: કોલાહલો સઘળાં શમ્યાં!
ક્યાં જતાં રહ્યાં!

લંડન, જાન્યુઆરી ૨૦૦૫